4 લાખ કારીગરોના હકો અને નિયમોના અમલ અંગે ચર્ચા થશે

એમ્બ્રોઇડરી ઉદ્યોગનું 10મીએ મહાસંમેલન

સાપ્તાહિક રજા અને કાયદેસર વેતનના પાલન માટે કલેક્ટર-શ્રમ વિભાગની સૂચના બાદ એસોસિએશનની તૈયારી

8 કલાક માટે ₹.522 લઘુત્તમ વેતન ચૂકવાશે



સુરતઃ શહેરના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં શ્રમિકોના વેતન, કામના કલાકો અને સાપ્તાહિક રજાને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે હવે એમ્બ્રોઇડરી કારખાનેદારો દ્વારા આગામી 10 ઓક્ટોબર, શનિવારે મહાસંમેલન યોજવામાં આવશે. એમ સુરત એમ્બ્રોઇડરી જરી એસોસિએશનના અગ્રણી કરુણેશ રાણપરિયાએ જણાવ્યું હતું.

બે દિવસ અગાઉ સુરત જિલ્લા કલેક્ટર તથા નાયબ શ્રમ આયુક્તની કચેરી દ્વારા એમ્બ્રોઇડરી સહિત ટેક્સટાઇલ ક્ષેત્ર સાથે સંકળાયેલા એસોસિએશનોને પરિપત્ર પાઠવી શ્રમિકોને લગતી કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. તેમાં કામના કલાકો, સાપ્તાહિક રજા અને લઘુત્તમ વેતન સહિતના નિયમોનું પાલન કરવાનું જણાવાયું છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ 8 કલાકના કામ માટે લઘુત્તમ વેતનના ધોરણ મુજબ ₹.522 રોજ ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવશે. તેમજ એમ્બ્રોઇડરી ડિઝાઇનની ચોરી અટકાવવાના હેતુથી કારીગરોને મોબાઈલ ફોન સાથે યુનિટમાં પ્રવેશ નહીં આપવાનો નિર્ણય પણ ચર્ચામાં છે. સાપ્તાહિક રજાની વિગતો વિસ્તારવાર કલેક્ટર અને શ્રમ વિભાગને આપવામાં આવશે.

આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે શ્રમિક સંગઠનો દ્વારા પડતર માંગણીઓને લઈને 1 ઓક્ટોબરે કલેક્ટર કચેરી ખાતે ધરણાં-પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, ધરણાંના એક દિવસ અગાઉ શ્રમ વિભાગની સૂચનાથી શ્રમિકોમાં રાહતની લાગણી જોવા મળી હતી.

અગાઉ કલેક્ટર અને શ્રમ વિભાગ સાથેની બેઠકમાં એમ્બ્રોઇડરી એસોસિએશને વીજળીના સ્ટેગરિંગ મુજબ યુનિટોમાં સાપ્તાહિક રજા અપાતી હોવાની રજૂઆત કરી હતી.

એસોસિએશનના જણાવ્યા મુજબ શહેરના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં આશરે ચાર લાખ કારીગરો કાર્યરત છે અને તેમને માસિક ₹.25 હજારથી ₹.40 હજાર સુધીનું વેતન મળે છે. ઉદ્યોગમાં 15થી 30 હેડ ધરાવતી અને આશરે ₹.70 લાખ સુધીની કિંમતની આધુનિક મશીનરી કાર્યરત હોવાનું પણ એસોસિએશને જણાવ્યું હતું.

આ મુદ્દા પર ઉદ્યોગપતિઓ ચર્ચા વિચારણા કરશે

- શ્રમિકોને 8 કલાકના કામ માટે લઘુત્તમ વેતનના ધોરણ મુજબ ₹.522 પગાર ચૂકવાશે.
- ડિઝાઇનની ચોરી થતી હોવાથી શ્રમિકોને મોબાઇલ સાથે યુનિટમાં જવા દેવા કે કેમ?
- હાલમાં કામદારોને માસિક ₹.25 હજારથી ₹.40 હજાર સુધીનું વેતન મળે છે.

નવી સિવિલ હોસ્પિ.ના બે વિભાગના રિપોર્ટ આજથી વોટ્સએપ પર મળશે

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના પેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગના લેબોરેટરી રિપોર્ટ દર્દીઓને સીધા તેમના મોબાઇલ પર WhatsApp મારફતે મળી રહેશે. આ નવી વ્યવસ્થા શરૂ થતાં દર્દીઓ અને તેમના પરિવારજનોને લેબોરેટરી રિપોર્ટ લેવા માટે ફરીથી હોસ્પિટલ આવવાની જરૂર રહેશે નહીં. ખાસ કરીને દૂરના વિસ્તારોમાંથી સારવાર માટે આવતા દર્દીઓનો સમય, આવન-જાવનનો ખર્ચ અને બિનજરૂરી ધક્કા બચશે. નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ આજથી આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આ કામગીરીમાં આર.એમ.ઓ. ડો. લક્ષ્મણભાઈ તાહિલયાણી, નોડલ ઓફિસર-કિડની બિલ્ડિંગ ડો. ભરત પટેલ તેમજ સિસ્ટમ મેનેજર સહિતની ટીમ દ્વારા મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે.

ભૂવા પે ચર્ચા: વરિયાવી બજાર પાસે રસ્તા પર ભૂવો પડ્યો



સુરત મહાનગરપાલિકા દ્વારા કરોડોનો ખર્ચ કર્યા પછી પણ કેટલાક સ્થળો પર રોડની નીચેથી પસાર થતી ડ્રેનેજ અથવા હાઇડ્રોલિકની નબળી કામગીરીના કારણે અવારનવાર માર્ગો પર ભૂવા પડવાની ઘટનાઓ સામે આવે છે, ગુરુવારે સાંજના સમયે ચોક વિસ્તારના વરિયાવી બજાર સ્થિત મદીના મસ્જિદ પાસે અચાનક મુખ્ય રોડ પર મોટો ભૂવો પડી ગયો હતો. સાંજના સમયે ધમધમતા રસ્તા પર અચાનક ભૂવો પડી જતાં ત્યાંથી પસાર થઈ રહેલા અનેક વાહનચાલકો અટવાઈ ગયા હતા અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બનાવની વિગત મળતાં જ સ્થાનિક કોંગ્રેસના કોર્પોરેટર અરસદ જરીવાલા પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને મનપાની ટેકનિકલ ટીમ પણ તાત્કાલિક ધોરણે તપાસ માટે પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, રોડની નીચેથી પસાર થતી હાઇડ્રોલિક વિભાગની લાઇનમાંથી પાણીનું લીકેજ થઈ રહ્યું હતું. આ ઉપરાંત હાઇડ્રોલિક વિભાગ દ્વારા હાથ ધરાયેલી ફ્લશિંગની કામગીરી દરમિયાન પાણીના ભારે દબાણના કારણે રોડની નીચે માટીનું ધોવાણ થઈ ગયું હતું, જેના પરિણામે રોડની ઉપરની સપાટી નીચે ધસી જતાં આ ભૂવો પડ્યો હતો.

આંતરરાષ્ટ્રીય ભાવથી યાર્ન અપાવો: વિવર્સ એસોસિએશનનો PMને પત્ર

યાર્નના વધેલા ભાવો માટે ફ્રૂડ ઓઈલના ભાવોની વાર્તા સ્પિનર્સ એ ઉપજાવી કાઢી છે, દિવાળી પછી સુરતમાં મોટી સંખ્યામાં પાવરલૂમ બંધ પડશે

તપાસ અને ભાવની સરખામણીની માંગ

એસોસિએશને સરકાર પાસે સ્થાનિક FDY યાર્નના ભાવવધારા અને સંભવિત કાર્ટેલાઇઝેશનની તપાસ, આંતરરાષ્ટ્રીય FOB ભાવ, લેન્ડેડ કોસ્ટ તથા ઇનપુટ ખર્ચની તુલના અને વધેલા ફ્રેઇટ ખર્ચનો લાભ લઈને સ્થાનિક ઉત્પાદકો અસંગત ઊંચા ભાવ જાળવી રહ્યા છે કે કેમ તેની તપાસ કરવાની માંગ કરી છે.

સુરતઃ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં પોલીસ્ટર યાર્નના ઊંચા ભાવને લઈને સચીન વિવર્સ વેલ્ફેર એસોસિએશન (SWWAR) દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ ગંભીર રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કાપડ મંત્રાલય અને રસાયણ-ખાતર મંત્રાલયના સચિવોને પત્ર પાઠવી સ્થાનિક યાર્ન ઉત્પાદકો દ્વારા ભાવમાં કથિત કાર્ટેલાઇઝેશનની તપાસ કરવાની માંગ કરી છે.

યાર્નના ભાવો વધેલા ભાવો માટે ફ્રૂડ ઓઈલના ભાવોની વાર્તા સ્પિનર્સ એ ઉપજાવી કાઢી છે. જો સરકાર સીધી દખલ નહીં આપે તો દિવાળી સિઝન પછી સુરત,માલેગાંવ,ભિવંડી અને નવાપુરમાં મોટી સંખ્યામાં પાવરલૂમ કારખાનાઓ બંધ થશે. સચિન જીઆઈડીસીના વિવર્સની યોજાયેલી બેઠક પછી એસોસિએશનના પ્રમુખ નિલેશ એમ. ગામી અને સેક્રેટરી મયુર જે. ગોળવાલાએ જણાવ્યું છે કે સપ્ટેમ્બરમાં તેનો આંતરરાષ્ટ્રીય FOB ભાવ આશરે ₹.141 પ્રતિ કિલો હતો, જ્યારે સુરતમાં સ્થાનિક સ્પીનર્સ દ્વારા આશરે ₹.152નો ભાવ આપવામાં આવી રહ્યો હતો. આયાત કરવામાં આવે તો ફ્રેઈટ, કસ્ટમ ડ્યૂટી અને સ્થાનિક પરિવહન સહિતનો ખર્ચ વધીને આશરે ₹.169 પ્રતિ કિલો થાય છે. એસોસિએશને વધુમાં દાવો કર્યો છે કે વિવિધ ગ્રેડના FDY યાર્નના આંતરરાષ્ટ્રીય FOB ભાવ છેલ્લા ચાર મહિનામાં સ્થાનિક ભાવ કરતાં આશરે ₹.11થી ₹.48 પ્રતિ કિલો ઓછા રહ્યા છે.

દિલ્હીની સોનાની લૂંટનો કેસ પાછો ખેંચવા સોની પર હુમલો

સરથાણામાં સાળાના ઘર પાસે અમરેલીના સોની પર હુમલો

સુરતઃ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગરની કુંભનાથ સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય દિલીપભાઈ દેવચંદભાઈ આલગીયા સોનીકામ કરે છે. ડિસેમ્બર-૨૦૨૫માં જ્વેલરી ડિઝાઇન માટે દિલ્હી ખાતે મોકલવામાં આવેલું ૫૦ ગ્રામ સોનાનું કડું વિશાલ નામના શખ્સે લૂંટી લેતાં દિલીપભાઈની ફરિયાદના આધારે દિલ્હી પોલીસમાં લૂંટનો ગુનો નોંધાયો હતો. વિશાલની ધરપકડ બાદ તપાસમાં મોટા વરાછાની ઓમકાર રેસિડેન્સીમાં રહેતા જીગ્નેશ કલ્યાણભાઈ જીયાણીનું નામ બહાર આવ્યું હતું. જીગ્નેશને કોર્ટનું વોરંટ મળતાં સમગ્ર મામલાની જાણ થઈ હતી. દરમિયાન દિલીપભાઈ કામ અર્થે સુરત આવ્યાં હોવાનું જાણીને જીગ્નેશે તેમની શોધખોળ શરૂ કરી હતી. દિલીપભાઈ સરથાણાની મેઘમલ્હાર રેસિડેન્સીમાં પોતાના સાળાના ઘરે રોકાયા હોવાની માહિતી મળતાં જીગ્નેશ અને તેના સાગરીતે દિલ્હીનો કેસ પાછો ખેંચી લેવા અથવા સમાધાન કરી લેવા દબાણ કર્યું હતું. દિલીપભાઈએ ઇનકાર કરતાં બંનેએ સળિયા વડે હુમલો કર્યો હતો. બનાવ બાદ દિલીપભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સરથાણા પોલીસે તેમનું નિવેદન નોંધી જીગ્નેશ કલ્યાણભાઈ જીયાણી સહિત બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી બંનેને ઝડપી પાડવાના પ્રયાસો શરૂ કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીગ્નેશ હાલ પણ દિલ્હીના લૂંટના ગુનામાં વોન્ટેડ છે.

છ વર્ષિય ભત્રીજીના ગુપ્તાંગમાં આંગળી નાંખનાર મોટા કાકાને આજીવન કેદ

64 વર્ષીય આરોપી દાદાના સ્થાને હતો, આ પવિત્ર સંબંધોને કલંકિત કર્યો

સમાજમાં આવા અપરાધો સામે કડક સંદેશ જવો જરૂરી: કોર્ટની કડક નોંધ

સુરતઃ કાપોદ્રામાં ૬૪ વર્ષીય મોટા પપ્પાએ (મોટા કાકાએ) ૬ વર્ષની માસુમ સગી ભત્રીજીના ગુપ્તાંગમાં આંગળી નાખી ઈજા પહોંચાડવાના કેસમાં આરોપી મોટા પપ્પાને કોર્ટે આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. ચુકાદો આપતી વખતે કોર્ટે ગંભીર નોંધ લીધી હતી કે આરોપી દાદાના સ્થાને હતો અને બાળકીની સુરક્ષા કરવાની તેની નૈતિક અને સામાજિક જવાબ હતી, પરંતુ તેણે આ પવિત્ર સંબંધોને પણ કલંકિત કર્યા છે. સમાજમાં આવા અપરાધો સામે કડક સંદેશ જવો જરૂરી છે.

2024માં બનેલા આ કેસની હકીકત મુજબ ભોગ બનનારના સાવકા પિતા સ્નાન કરવા ગયા હતા. તે સમયે સામે રહેતા ફરિયાદીનાં આરોપી મોટાભાઈએ પીડિતાને પોતાના ઘરે બોલાવી અને તેને પોતાના રૂમમાં લઈ ગયો હતો. થોડી જ વારમાં પીડિતા મોટેથી રડવા લાગી હતી, જે બાદ ફરિયાદી પીડિતાને પોતાના ઘરે લઈ આવ્યા હતા. પીડિતાએ પેટના નીચેના ભાગે દુખાવો થતો હોવાનું જણાવતાં ફરિયાદીએ પત્નીને બોલાવી હતી. દિકરીને તપાસતાં ગુપ્તાંગમાંથી લોહી વહી રહ્યું હોવાથી, ફરિયાદીની પત્નીએ પીડિતાને આ બાબતે પૂછપરછ કરતાં પીડિતાએ જણાવ્યું કે આરોપીએ તેના ગુપ્તાંગમાં આંગળી નાખી હતી,.

ફરિયાદી અને તેમની પત્નીએ આરોપીને આ બાબતે પૂછતાં આરોપીએ પોતાનું કૃત્ય કબૂલી પોતાના ઘરમાંથી નાસી છૂટ્યો હતો. આરોપી વિરુદ્ધ પોકસો એક્ટ સહિતની કલમો અન્વયે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ડોક્ટર અને પીડિતા બાળકીની જુબાની મહત્વની પુરવાર થઈ હતી. સરકાર પક્ષે એપીપી વિશાલ ફળદુ પોલીસ તપાસમાં પુરાવા સાથે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી મોટાકાકાને આજીવન કેદની સજા અને ૪૦ હજારનો દંડ ફટકાર્યો હતો. પીડિત બાળકીને ૬,૦૦,૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

અરજદાર સાથે ઝપાઝપીમાં RTO ક્લાર્કની બદલી

સુરતઃ 29 સપ્ટેમ્બરના રોજ એક અરજદાર પોતાના ડ્રાઇવિંગ લાઇસન્સ રીન્યુઅલની કામગીરી માટે પાલ આરટીઓ કચેરીએ આવ્યો હતો. તે સમયે સર્વર ધીમું ચાલતું હોવાથી કામગીરીમાં વિલંબ થતાં નારાજ અરજદારે મોબાઇલમાં વિડીયો રેકોર્ડિંગ શરૂ કર્યું હતું. આ બાબતે ક્લાર્ક યોગેશ ચૌધરી સાથે તેને બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં માથાકૂટ અને ઝપાઝપીમાં ફેરવાઈ ગઈ હતી. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઘટનાને ગંભીરતાથી લેતાં ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક ધોરણે ક્લાર્કની બદલીનો નિર્ણય કર્યો છે. યોગેશ ચૌધરીને ઓડિટ વિભાગમાં ખસેડી દેવાયો છે. દરમિયાન હાલ સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે અને તપાસ રિપોર્ટ તૈયાર થયા બાદ તે ગાંધીનગર ખાતે વડી કચેરીએ મોકલવામાં આવશે.

‘મારા મોત પાછળ કોઈનો હાથ નથી, હું પોતે જવાબદાર’

સ્યુસાઈડ નોટ લખી ભેસ્તાનમાં એકાઉન્ટન્ટ યુવકે ફાંસો ખાધો

પગારના રૂપિયા પત્નીને આપવા અને કોઈ પત્ની-સંતાનને દુઃખી ન કરે તેવી સાસરિયાઓને વિનંતી કરી

સુરતઃ ભેસ્તાન વિસ્તારમાં રહેતા એકાઉન્ટન્ટ યુવકે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ભેસ્તાન-સચિન જીઆઈડીસી નાકા પાસે આવેલી તિરૂપતિ બાલાજી ટાઉનશિપમાં રહેતા અરવિંદકુમાર શ્રીપાલ પ્રજાપતિ (ઉ.વ.37) એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં હતા. તેઓ ત્રણ સંતાન સહિત પરિવાર સાથે રહેતા હતા. બુધવારે સાંજે અરવિંદકુમારે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો સહિત આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. પોલીસે ઘટનાસ્થળે તપાસ કરતાં અરવિંદકુમારે લખેલી હિન્દીમાં સ્યુસાઈડ નોટ મળી આવી હતી. સુસાઈડ નોટમાં અરવિંદકુમારે લખ્યું હતું કે, ‘મારા મોત પાછળ કોઈનો હાથ નથી, હું પોતે જવાબદાર છું. હું જિંદગીથી પરેશાન થઈ ગયો છું. મારા પગારના રૂપિયા મારી પત્નીને આપી દેજો. હું મારી મોતનો ખુદ જિમ્મેદાર છું.’ વધુમાં તેણે પોતાના સસુરાલના લોકોને પત્ની અને સંતાનોને કોઈ દુઃખી ન કરે તેવી વિનંતી કરી હતી અને અંતમાં ભૂલ થઈ હોય તો માફ કરી દેવા પણ લખ્યું હતું.

સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં પાણી માટે વિદ્યાર્થિનીઓનો હોબાળો

સાફસફાઈ અને ભોજનની ગુણવત્તા અંગે પણ રોષ, એબીવીપીના કાર્યકરો જોડાતા મામલો ગરમાયો

સુરતઃ VNSGUના કેમ્પસમાં સમાજ કલ્યાણ વિભાગ સંચાલિત સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં મૂળભૂત સુવિધાઓના અભાવે વિદ્યાર્થિનીઓમાં અસંતોષ જોવા મળ્યો છે. કેમ્પસની ચાર ગર્લ્સ હોસ્ટેલ પૈકી ત્રણ હોસ્ટેલમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ ન થતું હોવાની ફરિયાદ સાથે આજે મોડી સાંજે વિદ્યાર્થીનીઓએ હોબાળો કર્યો હતો. એબીવીપીના કાર્યકરો પણ વિદ્યાર્થીનીઓ સાથે જોડાતા મામલો ગરમાયો હતો.

વિદ્યાર્થીનીઓના જણાવ્યા મુજબ હોસ્ટેલમાં ખાસ કરીને સાંજના સમયે પાણીની અછત સર્જાતી હોવાથી રોજિંદા કામકાજમાં ભારે મુશ્કેલી પડી રહી છે. પાણી જેવી મૂળભૂત સુવિધા માટે અગાઉ પણ હોસ્ટેલ તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો ન હોવાનો આક્ષેપ વિદ્યાર્થીનીઓએ કર્યો હતો. આજે સાંજે મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ પાણીની સમસ્યા અંગે વિરોધ નોંધાવ્યો હતો. એબીવીપીના કાર્યકરોની આગેવાનીમાં હોસ્ટેલ તંત્ર સામે સૂત્રોચ્ચાર કરી પાણીની વ્યવસ્થા તાત્કાલિક પૂર્વવત્ કરવાની માંગ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ માત્ર પાણી જ નહીં, પરંતુ હોસ્ટેલની સાફસફાઈ અને ભોજનની ગુણવત્તા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

હિન્દી નાટક ‘ફંદી’એ લોકોને વિચારવા માટે પ્રેર્યા



સુરતઃ સુરત મનપાની નાટ્ય સ્પર્ધામાં પાંચમા દિવસે ઈચ્છામૃત્યુ જેવા ગંભીર વિષય સાથે નાટક ‘ફંદી’ ભજવાયું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ નાટકમાં એક ઈમાનદાર ટ્રક ડ્રાઇવરના પિતા ગળાના અસાધ્ય કેન્સર બીમારીથી પીડાતા હોય છે. પિતાની વેદના વધુ સહન ન થતાં, તેમને આ અસહ્ય પીડામાંથી મુક્તિ અપાવવા માટે કાયદાકીય વ્યવસ્થા પાસે પોતાના પિતા માટે ઈચ્છામૃત્યુની માંગ કરે છે. આ નાટક દ્વારા માનવીય કરુણા, જીવનનું મૂલ્ય, મૃત્યુની ગરિમા, વ્યક્તિની સ્વતંત્રતા અને સમાજની નૈતિક જવાબદારી જેવા મુદ્દાઓ પર વિચાર કરવા પ્રેરણા મળે છે. ‘ફંદી’ના પાત્રમાં મિહિર પાઠક, વકીલની ભૂમિકામાં રાજેશ પાંડેનો અભિનય નાટકની ગૂંથણી મુજબ રહ્યો. વૈભવ- મુકેશ દેસાઈનું સંગીત અને પ્રકાશ આયોજન નાટકના ભાવને વધુ ગાઢ બનાવતું રહ્યું.

આજે કયું નાટક ભજવાશે?

આજે સ્પર્ધાના છઠ્ઠા દિવસે નટરંગમ એન્ટરટેઇનમેન્ટનું નાટક ‘ગુલઝારીલાલ ગાયબ’ રજૂ થશે.

સંક્ષિપ્ત સમાચાર

નવી સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. કેતન નાયક વયનિવૃત્ત



સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર (આરએમઓ) ડો. કેતન નાયક આજે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થયા હતા. ૩૬ વર્ષની લાંબી સરકારી સેવા દરમિયાન તેમણે તબીબી ક્ષેત્રે વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. નવસારીથી સરકારી સેવાની શરૂઆત કરનાર ડો. નાયકની સેવાયાત્રાનો અંત સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં આરએમઓ તરીકે થયો છે. ડો. કેતન નાયક છેલ્લા આશરે ૧૦ વર્ષથી નવી સિવિલ હોસ્પિટલમાં આરએમઓ તરીકે ફરજ બજાવતા હતા. કોરોનાકાળ દરમિયાન નવી સિવિલ હોસ્પિટલમાં ઊભી થયેલી પડકારજનક પરિસ્થિતિમાં તેમની કામગીરી નોંધપાત્ર રહી હતી. અંગદાન ક્ષેત્રે કરેલી કામગીરીને પગલે ૨૦૨૩માં તેમને નેશનલ લેવલનો એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો.

સત્ત્વશાળી આત્માઓ જ તપનું પરાક્રમ કરી શકે છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ભીવંડીના નયી ચાલ ખાતે આવેલ આરાધના ભવન ખાતે મહામૃત્યુંજય તપની આરાધના કરનાર માત્ર આઠ જ મહિના પૂર્વે જેમણે સંયમ જીવનનો કાંદિવલી ખાતે સ્વીકાર કર્યો હતો તે તપસ્વીરત્ના પૂ. સાધ્વીજી ભગવંત શ્રી પ્રજ્ઞાંશુરક્ષિતાશ્રીજી મ.ના મૃત્યુંજય તપના પારણોત્સવ પ્રસંગે શ્રી ગોકુળનગર સ્થિત શ્રી નેમિનાથ ‘ડી’ બિલ્ડીંગમાં શ્રેષ્ઠિવર્ય શ્રી ચંપાલાલજી ઝુમરમલજી આહોરવાળા પરિવારના ત્યાં આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી વૃંદની પાવન પધરામણી થઇ હતી. “તપસ્વી અમર રહો, તપ ધર્મનો જયજયકાર” ના જયઘોષ સાથે વાતાવરણ અત્યન્ત દિવ્ય અને ભવ્ય બન્યું હતું. લાભાર્થી પરિવારે ગુરુપૂજન કર્યું હતું. પારણોત્સવ પ્રસંગે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સત્ત્વશાળી આત્માઓ જ તપનું પરાક્રમ કરી શકે છે. પૂ. સાધ્વીજી ભગવંતે 27 વર્ષની વયે આઠ મહિના અગાઉ જ સંયમનો માર્ગ સ્વીકાર્યો હતો. તેમનું જીવન ચમત્કારિક છે.

દિલ્હીમાં એડ્વોકેટ પ્રીતિબેન જોષીનું સન્માન કરવામાં આવ્યું



સુરતઃ સુપ્રીમ કોર્ટના પૂર્વ ચેરમેન ડોક્ટર આદેશ અગ્રવાલની અધ્યક્ષતામાં ‘નરેન્દ્ર મોદી પર આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી પ્રદર્શન’ ઓલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી, નવી દિલ્હી ખાતે યોજાયું હતું. સાત દિવસીય આ કાર્યક્રમમાં એડવોકેટ પ્રીતિ જીગ્નેશ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં ડિજિટલ યુગમાં મહિલાઓનું કાર્યસ્થળ માત્ર ઓફિસ પૂરતું સીમિત નથી, સોશિયલ મીડિયા પર થતી પજવણી સામે પણ કાયદો કડક સુરક્ષા પૂરી પાડે છે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે એડવોકેટ પ્રિતીબેન જોષીનું સન્માન કરાયું હતું.

અડાજણમાં સારનાથ હોસ્પિટલ દ્વારા ગાંધી જયંતીએ મફત આંખ નિદાન

સુરતઃ સારનાથ હોસ્પિટલ, સુરત દ્વારા ગાંધીજયંતિના રોજ તા.2જી ઓક્ટોબરે, અડાજણ, હનીપાર્ક રોડ પર સરસ્વતી વિદ્યાલય નજીક સારનાથ હોસ્પિટલ ખાતે સવારે 9થી વાગ્યા સુધી આંખોના રોગોનું નિદાન ડો. ધવત સુખારામવાલા અને ડો. પૂજા કાપડિયા મારફતે કરવામાં આવશે.

વલ્લભકુલના સાંનિધ્યમાં પુષ્ટિમાર્ગીય અષ્ટછાપની 3જીએ સંગીત સંધ્યા

સુરતઃ સુરતમાં વલ્લભકુલના સાનિધ્યમાં પુષ્ટિમાર્ગીય અષ્ટછાપ સંગીતના રસિકો માટે વિશેષ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. મોહનભાઈ જમરીયાના નેતૃત્વમાં શનિવાર, તા. 3 ઓક્ટોબર, 2026ના રોજ સાંજે 4 થી 7 વાગ્યા દરમિયાન જીવનભારતી રંગભવન, પંકજ કાપડિયા કલ્ચરલ સેન્ટર, તિમલિયાવાડ, નાનપુરા ખાતે કાર્યક્રમ યોજાશે. આ સંગીત સંધ્યામાં હેમલતા જમરીયા, અલકા ચોકસી, શોભના આડતીયા, ચમના શાહ, પ્રીતિ મલકાન અને દેવાંશી મલકાન સંગીતની પ્રસ્તુતિ કરશે. પ્રતિભા ડાન્સ એકેડેમી દ્વારા નૃત્યો ની રજૂઆત કરવામાં આવશે. કાર્યક્રમમાં પખાવજ પર અશોક વેકરિયા, હાર્મોનિયમ પર સુધીર યાદવ, તબલા પર ઢિન ગાંધર્વ, સારંગી પર અર્પિત માંડવિયા, સિતાર પર નિષાદ મિસ્ત્રી, વાયોલિન પર ઋષિ જમરીયા અને ઝાંઝ પર પિયુષ બોસમિયા સંગત આપશે.

માધવી સોલંકીને અર્થશાસ્ત્રમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈ



સુરતઃ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિસ વિભાગ હેઠળ “વ્યંઢળોનાં સમાવેશી સામાજિક-આર્થિક વિકાસનો અભ્યાસ : સુરત જિલ્લાના સંદર્ભમાં” વિષય પર મહાશોધ નિબંધ રજૂ કરવા બદલ ડો. માધવી વિનોદભાઈ સોલંકીને અર્થશાસ્ત્ર વિષયમાં ડોક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે સંશોધન કાર્ય ડો. કૃત્તિ છાયા, એસોસિયેટ પ્રોફેસર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિસ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. યુનિવર્સિટી દ્વારા આ અંગેનું નોટિફિકેશન 30 સપ્ટેમ્બર, 2026ના રોજ જાહેર કરાયું હતું.

અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ જયંતી મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરાયો



સુરત : અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા મહારાજા અગ્રસેન જયંતિ મહોત્સવ નિમિત્તે આયોજિત કાર્યક્રમની શરૂઆત ગુરુવારે સિટી-લાઇટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસના દ્વારકા હોલમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે થઈ હતી. ટ્રસ્ટના પ્રમુખ પ્રમોદ કંસલે જણાવ્યું હતું કે, આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પ્રિન્સિપલ ઇનકમટેક્સ કમિશનર અનુપમ કાંત ગર્ગ ઉપસ્થિત રહ્યા હતા. દીપપ્રાગટ્ય બાદ ટ્રસ્ટની મહિલા શાખા દ્વારા આદિ શક્તિથી આત્મ શક્તિ સુધી - નારીત્વની અનંત યાત્રા દર્શાવતા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય સ્પોન્સર સંજય સરાવગી, અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના સચિવ મનોજ બંસલ, ઉપપ્રમુખ અમિત સતનાલીવાલા, ખજાનચી રમેશ અગ્રવાલ સહિત ટ્રસ્ટના અનેક સભ્યો તેમજ યુવા અને મહિલા શાખાના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટ દ્વારા 11 ઓક્ટોબરે મહારાજા અગ્રસેનની જયંતિ ઉજવવામાં આવશે. શુક્રવારે નાટક ‘તિરંગા એક ગૂંજ’નું આયોજન કરવામાં આવશે.